ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૪
જીઆઈડીસી,ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૩/૧૦/૧૩.
૧૧

<u>પરિપત્રઃ–</u>

વિષયઃ– નિગમની વસાહતમાં આવેલા ઉદ્યાગોને ફાળવેલ જમીનમાં વિતરણ પહેલાથી જે પાઈપલાઈન કે અન્ય કોઈ પણ પ્રકારની અન્ડરગ્રાઉન્ડ લાઈન/ઓવર હેડ લાઈન કે ઈલેક્ટ્રીક પોલ આવેલ હોય અને તેને ખસેડીને જે તે કોરીડોરમાં ફેરવવા અંગેની નીતિ બાબત.

સંદર્ભઃ– નિગમની તા.૧૨/૯/૧૩ નારોજ મળેલ ૪૭૪ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક–૪૦/વિતરણ/૪૭૪/૨૦૧૩

ઉપરોકત વિષયની કાર્યસુચિ નિગમની ૪૭૪ મી સભામાં રજુ કરવામાં આવેલ અને તેમાં ઉપરોક્ત સંદર્ભદર્શિત ઠરાવથી મળેલ મંજુરી આધારીત હવે પછી જે તે ઉદ્યોગકારોને તેમને ફાળવેલ પ્લોટોના વિતરણ પહેલા તેમને ફાળવેલ પ્લોટ વિસ્તારમાં જો કોઈપણ પ્રકારની ભુગર્ભ લાઈન જેવી કે વિજળી, પાણી, ગેસ અથવા ઓવરહેડ વિજળી લાઈન પોલ કે અન્ય લાઇન આવેલ હોય અને તે ફાળવણીદારને ઉપયોગી ન હોય અને તે નડતરરૂપ હોય તો તે ખસેડવા કે રીએલાઈન કરવા માટે જે તે સમયે પ્રવર્તમાન વિતરણ દરના ૧૦% પ્રમાણેની રકમ ફી તરીકે વસુલ લઈ અને આ લાઈન ખસેડવાની મંજુરી આપવાની રહેશે. આ બાબતે મંજુરી માટે વડીકચેરીએ તાંત્રિક અભિપ્રાય સાથે દરખાસ્ત સાદર કરવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતો માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યુ
જનરલ મેનેજર (ઈએન્ડએ)

m (comp)